બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ- ૩૮૮ ૧૧૦

ડૉ. વાય.એમ.શુકલ
આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષ

ફોન નં.: ૦૨૬૯૨-૨૬૧૦૭૬
ઇ-મેલ: deanagri@aau.in

# બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે એગ્રીકલ્ચરલ એજ્યુકેશન ડે ની ઊજવણી કરવામાં આવી.

## આત્મનિર્ભર ભારત માટે એગ્રીકલ્ચર મહત્વનું અંગ છે. --ડીનશ્રી, ડૉ. વાય. એમ. શુક્લ

બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ. આણંદ ના અમૃત મહોત્સવના ઊજવણી વર્ષ નિમિત્તે આજ રોજ ૩જી ડિસેમ્બર કોલેજના એક્ઝામ હોલ ખાતે આઝાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ અને ભારતરત્ન પ્રથમ યુનિયન કૃષિ મંત્રી ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ જયંતી પ્રસંગે એગ્રીકલ્ચરલ એજ્યુકેશન ડે ૨૦૧૫ થી મનાવવામાં આવે છે. તે સંદર્ભે બં. અ. કૃષિ મહાવિદ્યાલયનાં આચાર્ય, પ્રાધ્યાપકગણ, વિદ્યાર્થી સંઘના સર્વે પ્રતિનિધિ અને સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓની ઉપસ્થિતમાં એગ્રીકલ્ચર એજ્યુકેશન ડેની ઉજવણી કરવામાં આવી હતી.

આ શુભ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કે.બી.કથીરીયાએ વિદ્યાર્થીઓને કૃષિ શિક્ષણ દિવસની શુભેચ્છાઓ તથા આશીર્વચન પાઠવેલ. બં. અ. કૃષિ મહાવિદ્યાલયના ડીનશ્રી અને આચાર્યના પ્રમુખ સ્થાને પોતાના વક્તવ્યમાં કૃષિ શિક્ષણ અંગેની ઐતિહાસિક માહિતી આપતા જણાવ્યું કે કૃષિ વિજ્ઞાન અને કૃષિ શિક્ષણનો વ્યાપ વધારવામાં ફક્ત શૈક્ષણિક સંસ્થાઓની જ નહી પણ દરેક કૃષિ સ્નાતક વિદ્યાર્થીઓએ પણ સ્વૈચ્છિક રીતે નિષ્ઠાથી પ્રયત્ન કરવા જોઇએ.

આ પ્રસંગે સહપ્રાધ્યાપક અને એકેડેમીક ઇન્ચાર્જ ડૉ. જે. કે પરમાર દ્વારા ન્યુ એજ્યુકેશન પોલીસી-૨૦૨૦ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. શિક્ષણ ની નવી ક્ષિતિજો અને રાષ્ટ્રના વિકાસમાં કૃષિ શિક્ષણ કેવી રીતે ઉપયોગી થશે તે સુંદર રીતે સમજાવ્યું હતું.

તાજેતરમાં આઇ.સી.એ.આર ફેલોશીપ મેળવનાર સોહમ લોહાણા દ્વારા કૃષિ શિક્ષણમાં વિદ્યાર્થીઓ એ કેવી રીતે તૈયારી કરી એગ્રીકલ્ચરલ એજ્યુકેશન માં સ્વવિકાસ સાથે રાષ્ટ્રના વિકાસમાં ફાળો નોંધાવી શકે તેની સમજ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મદદનીશ પ્રાધ્યાપક ડૉ. વિનયકુમારે કરી એગ્રીકલ્ચર એજ્યુકેશન ડે ના ઊજવણી પ્રસંગે હાજર રહેલ સર્વે પ્રાધ્યાપક ફેકલ્ટી, અને વિદ્યાર્થીઓનો તથા વિદ્યાર્થીસંઘના ચેરમેન ડૉ. ડી.જે. પરમારનો આભાર વ્યક્ત કર્યો હતો.








Agricultural
Education Day


Agricultural Education Day
3rd December

